ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર જિલ્લામાં સાતમી આર્થિક ગણતરીનો આરંભ કરાયો

**જિલ્લામાં ૮૦૦ ગણતરીદારો તો શહેરમાં ૮૫ ગણતરીદારો મોબાઈલ એપથી ગણતરી થશે : ૧૭ જેટલા પ્રશ્નો પુછવામાં આવશે**




ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સાતમી આર્થિક ગણતરીનો આજથી વિધિવત્ પ્રારંભ થયો છે. ત્રણ માસ સુધી આ ગણતરીની કામગીરી ચાલશે.

સાતમી આર્થિક ગણતરી માટે તાલિમબદ્ધ ૮૦૦ ગણતરીદારોની નિયુક્તી કરવામાં આવી છે. સંપૂર્ણ મોબાઈલ એપથી જ આ ગણતરી કરવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમાં આર્થિક ગમતરી માટે ૮૫ જેટલા ગણતરીદારો નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ગણતરીદારો દ્વારા આર્થિક ગણતરીમાં ૧૭ થી વધુ પ્રશ્નો ત્રણ ભાગમાં પુછવામાં આવશે. મોબાઈલ એપથી ગણતરી થઈ રહી હોવાથી ગણતરીના પરિણામો મે ના અંત સુધીમાં ઉપલબ્ધ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. આ ગણતરીથી જિલ્લામાં આર્થિક સ્ત્રોતોમાં કયા સ્ત્રોત મહત્વના છે અને તેના સઘનીકરણ માટે શું કરવુ જોઈએ તેની વિગતો ઉપલબ્ધ બનશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ, ગાંધીનગર જિલ્લા કલેકટર ડાૅ.કુલદીપ આર્ય, મ્યુનિસિપલ કમિશ્નર શ્રીમતી રતનકંવર ગઢવી ચારણ તથા જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, જિલ્લા આંકડા અધિકારી એચ.કે. પ્રજાપતિની ઉપસ્થિતિમાં આ સેન્ટરનો આરંભ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં સીએસસી ઈ-ગર્વનન્સ દ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૭મી આર્થિક ગણતરી અન્વયે ઘરો, દરેક ભૌગોલિક માળખા, ઉત્પાદન કરતા એકમો, સહકારી મંડળીઓ, ગૃહઉદ્યોગો, બેંક, કોન્ટ્રાક્ટરો, કંપનીઓ, પેઢીઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો, એજન્સીઓ, સ્વરોજગાર યુનિટ, છૂટક ધંધાઓ જેવા કે લારી ગલ્લા, ફરતી દુકાનો, ફેરિયાઓ, બ્યુટીપાર્લર, સિવણકામ, ખનન પ્રવૃત્તિ, હેન્ડીક્રાફ્ટ, સેલ્ફ હેલ્પ ગ્રૂપ, રિક્ષાવાળા, ટેમ્પા ચાલક, ટેક્ષી ડ્રાઈવર, ફેક્ટરી ધારકો, ઔદ્યોગિક સાહસો ઉપરાંત વ્યવસાયિક ક્ષેત્રે જોડાયેલા વકીલો, એન્જીનિયરો, આર્થિક ઉપાર્જન માટે કામ કરતા ઉત્પાદન/સેવાઓના એકમો તથા આર્થિક ઉપાર્જન થતું હોય તેવી તમામ પ્રકારની પ્રવૃત્તિઓની ગણતરી કરવામાં આવશે.

તમામ ગણતરીદારો/સુપરવાઈઝરોને જિલ્લાના પ્રજાજનો તરફથી ચોક્કસ અને સાચી માહિતી પ્રાપ્ત થાય, જરૂરી સહકાર મળી રહે તે માટે જિલ્લા કલેકટર દ્વારા ''પ્રજાજોગ સંદેશ''પુરો પાડવામાં આવેલ છે. તમામ ગણતરીદારોને ફોટો આઈડી અને નિમણુંક પત્ર પણ આપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭

# શહેરમાં એક જ દિવસમાં સાડા પાંચ ડિગ્રી પારો ગગડ્યો : પુનઃ ઠંડીનુ મોજુ

**ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયુ હતુ : પવનની દિશા બદલાતા ઠંડી એકાએક વધી**

ગાંધીનગર, તા. ૨૯

આગાહી મુજબ જ ગાંધીનગરમાં પુનઃ ઠંડીનુ આક્રમણ વધ્યુ છે. એક તબક્કે ૧૭ ડિગ્રી તાપમાન સાથે એવુ લાગતુ હતુ કે હવે ઉનાળો નજીક છે ત્યાં જ ઠંડીએ પુનઃ જોર પકડ્યુ છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન સાડા પાંચ ડિગ્રી જેટલુ ઘટીને ૧૧.૫ ડિ.સે. પહોંચી જતાં શહેરમાં પુનઃ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે.

જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં ઠંડીમાં ભારે વધઘટ થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ફેરફાર નોંધાયો છે. આકાશમાં વાદળો ઘેરાયા છે. વાદળો ઘેરાયા બાદ ઠંડી ઘટી હતી. લઘુત્તમ તાપમાન વધવા માંડ્યુ હતુ. જે વધીને છેક ૧૭ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. લઘુત્તમ તાપમાન વધતા ઠંડી સાવ ઓછી થતાં ગરમ વસ્ત્રો વિના ફરી શકાતુ હતુ. એવુ જ લાગતુ હતુ કે હવે ઠંડી ગઈ ઉનાળો હવે નજીકમાં જ છે. જોકે ઉત્તર ભારતના વિસ્તારોમાં પુનઃ હીમવર્ષા થતાં લઘુત્તમ તાપમાન ઘટવા લાગ્યુ હતુ. ગઈકાલે રાત્રે ગરમ વસ્ત્રો પહેર્યા વિના બહાર નીકળેલા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનો પારો સડસડાટ ગગડ્યો હતો જે ૧૧.૫ ડિ.સે. પર જઈને અટક્યો હતો. લઘુત્તમ તાપમાનમાં આવેલી ગીરાવટના કારણે પુનઃ શહેરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. મહત્તમ તાપમાન ઘટી જતા દિવસે પણ ઠંડી અનુભવાઈ હતી. હજુ ઠંડીમાં ઘટાડો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# ડાયવર્ઝનના રૂટમાં દોડતી એસ ટી બસોના ડ્રાઈવર સામે શિક્ષતાત્મક પગલા લેવાશે

**સે-૧૬ તરફ જવાના સાંકડા સર્વિસ માર્ગ પર હજુ પણ બસો દોડતી હોવાની ફરિયાદ સામે ડેપો કક્ષાએથી પગલા લેવાશે**

ગાંધીનગર તા ૨૯

શહેરના ઘ માર્ગ પર નિર્માણ થઈ રહેલા અન્ડર પાસને અનુલક્ષીને ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે જયારે હાલ સે-૧૬ ના સર્વિસ રોડ પર ટ્રાફિકને ડાયવર્ટ કરાયા બાદ એસ ટી બસને પણ આ રૂટમાં જવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે. આમછતા એસ ટી બસ ડાયવર્ઝનના રૂટમાંથી પસાર થતા એસ ટી ડેપો દ્વારા આ બદલ હવે ડ્રાઈવર કંડકટરો સામે શિક્ષતાત્મક પગલા લેવાની કાર્યવાહી કરશે.

ગાંધીનગરના મુખ્ય ઘ માર્ગ પર નિર્માણ થતા અન્ડરપાસને અનુલક્ષી હાલ ઘ- ૪ વિસ્તારમાં ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. જયારે સે-૧૬ તરફ જવાના માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. જેના લીધે ઘ-૪ થી સે-૧૬:૧૭ સુધીના માર્ગ પર વાહનોની અવરજવર થતી નથી જયારે હાલ આ વિસ્તારમાં વાહનો સે-૧૬ તરફ જવાના સર્વિસ માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવે છે. બીજીતરફ આ ડાયવર્ઝનને અનુલક્ષી એસ ટી બસનો રૂટ પણ બદલી દેવાયો છે. જેમાં પથિકાશ્રમથી ચ-૩ અને ચ-૫ થઈને આ એસ ટી બસ ઘ-૫ ના રૂટમાં આગળ વધે છે.

● અનુસંધાન પાન-૭

# જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરિયાદ નિવારણ સેલ ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટુંક સમયમાં ફરિયાદ નિવારણ એકમો શરૂ કરવાની દિશામાં આર્ગોય સમિતિ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

આ એકમ થકી આરોગ્ય કેન્દ્રોમાં સેવા સુધાર તેમજ ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ થશે તેમ દાવો કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો જે ૬૬ જેટલા છે ત્યાં સીએચઓની નિયુક્તી થઈ ગઈ છે. આ સી.એચ.ઓ. દ્વારા આ સેન્ટરોના વિસ્તારમાં બિનચેપી રોગ અંગે ૩૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોનુ સ્ક્રીનીંગ કરવા સહિત યોગ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ માટેનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે જેને એકાદ સપ્તાહમાં આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આર.બી.એસ.કે.ના તબીબોની જે કામગીરી ચાલી રહી છે તેનુ પણ સઘન મોનીટરીંગ કરી સ્વસ્થ સમાજની રચનામાં મહત્વના પગલાંઓ આગામી દિવસોમાં લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં આગામી દિવસોમાં નવેસરથી ફેમિલી હેલ્થ સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવશે તેવા સંકેતો આ સૂત્રોએ આપ્યા છે.

## મનપાની ઉજીએ ખાસ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મનપાની સામાન્ય સભા ઉજીએ મેયર રીટાબેન પટેલની અધ્યક્ષતામાં મળશે.

મનપાના સભાખંડમાં મળનારી આ ખાસ સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ઠરાવ અંક નં. ૫૫૦ તા. ૨૮-૧-૨૦૨૦ના રોજ હદ વધારા અંગેના પ્રસ્તાવનો બહાલી આપવામાં આવશે.

મનપા દ્વારા આ પ્રસ્તાવની બહાલી મળ્યા બાદ રાજય સરકારને મોકલવામાં આવશે. દરમ્યાન સરકાર પણ વિકાસ કમિશ્નર પાસેથી આ અંગે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન પોતાનો તેમજ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા પંચાયતના પસાર કરાયેલ પ્રસ્તાવો સાથે અહેવાલ આપશે. આ કામગીરી ૧૫ ફેબ્રુઆરી પહેલાં પૂર્ણ કરવામાં આવશે તેમ સરકારના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## જિલ્લામાં એક વર્ષમાં ૧૨ સોનોગ્રાફી મશીન સીલ કરાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૧૨ જેટલા સોનોગ્રાફી મશીનો ૨૦૧૯ દરમ્યાન સીલ કરવામાં આવ્યા હતા.

પી.સી. એન્ડ ડી.ટી. સલાહકાર સમિતિની બેઠક બાદ જિલ્લાના મુખ્ય જિલ્લા અધિકારી ડાૅ. એમ.એસ. સોલંકી દ્વારા આ વિગતો આપવામાં આવી હતી.

તેમણે આ બેઠકમાં કેટલાક મરણ ગયેલ તબીબો તેમજ વિદેશમાં સ્થિત થયેલ તબીબોના આવા સોનોગ્રાફી મશીનોને ડિસ્પોઝેબલ કરવા માટેની નિયત થયેલી કાર્યવાહીની જાણકારી પણ સભ્યોને આપી હતી.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **બાબુલાલ હરજીવનદાસ પટેલ (ચણોઠીવાળા)**નું દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩૦-૧-૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦** દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સરનામું :**
**બ્લોક નં. ૨૩૬/૨,**
**"ઘ" ટાઈપ, સેકટર-૧૯,**
**ગાંધીનગર (ગુજરાત)**

**લક્ષ્મણ બી. પટેલ**
(તંત્રી : ભારત ટાઈમ્સ)
**રામચંદ્ર બી. પટેલ**
(મો) +૯૧ ૯૯૯૮૨૬૬૩૪૪

## બેસણું



અમારા પિતાશ્રી **સ્વ. લાલજીભાઈ જગમાલ ટાંક** તા. ૨૭/૧/૨૦૨૦ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૩૧/૧/૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૪૭૨, વિરાટનગર સોસાયટી, બંગલા નં.૧ની બાજુમાં, સેક્ટર-૨૩, ગાંધીનગર**

**રીન્કુ જયેશ ટાંક** — **જયેશ લાલજીભાઈ ટાંક**
**મનોહરભાઈ ટાંક** — **સુરભી મનોહરભાઈ ટાંક**
**ભૂપેન્દ્રભાઈ ચૌહાણ** — **ભાવના ભૂપેન્દ્રભાઈ ચૌહાણ**

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

# સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળમાં ડિઝીટલ શિક્ષાપત્રીનુ વિમોચન કરાયુ

**નાના બાળકોને શિક્ષાપત્રીનુ પાયાનુ જ્ઞાન ઘરે ઘરે સરળતાથી મળશે : રામકૃષ્ણદાસ સ્વામી : તંદુરસ્ત સમાજની રચના માટે ભારતીય સંસ્કૃતિને પોષણ આપવા જન જન સુધી શિક્ષાપત્રી પહોંચાડાશે : સ્વામિનારાયણ કોલેજ ભાટની રીસર્ચ ટીમે શિક્ષાપત્રી તૈયાર કરી**



ગાંધીનગર તા ૨૯

ભગવાન સ્વામિનારાયણ રચિત શિક્ષાપત્રીની ૧૯૪ જયંતિ નિમિત્તે આજે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ડિજીટલ શિક્ષાપત્રીનુ વિમોચન કરાયુ હતુ. ભારતીય સંસ્કૃતિનુ પોષણ થાય સમાજમાં ગુનાખોરીનુ પ્રમાણ ઘટે અને સમાજમાં પાપકર્મનો નાશ થાય તેવા આશયથી ઘરે ઘરે ડીઝીટલ શિક્ષાપત્રીના માધ્યમથી ભગવાન સ્વામિનારાયણનો સંદેશો પહોંચાડવાના ઉમદા આશય સાથે વિશ્વની સૌ પ્રથમ બોલતી શિક્ષાપત્રીનુ વિમોચન કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭

# દિપડાને કેદ કરવા નદી કીનારાના વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ કરાશે

**જ માર્ગ નજીક નદી કીનારાના વિસ્તારમાં દિપડાને પકડવા માટે તંત્ર સર્ચિંગ કરશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરની આસપાસના ગામોમાં છેલ્લા દોઢ વર્ષથી સતત દિપડાની અવરજવર રહેતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. વનતંત્રએ અત્યાર સુધી શહેર તેમજ અંબોડ અને દોલારણા વાસણા ગામમાંથી દિપડાને પાંજરમાં કેદ કર્યો છે. જયારે છેલ્લા ઘણાં સમયથી દિપડો દોલારાણા વાસણા ગામના નદી કીનારાના વિસ્તારમાં હોવાની વાત સામે આવતા વનતંત્ર દોડતુ થયુ છે  જો કે ચાર દિવસ અગાઉ જ માર્ગ પર દિપડાએ દેખા દીધી હોવાની વાત

● અનુસંધાન પાન-૭

## ॥ ભાવભિની શ્રધ્ધાંજલી ॥



## સ્વ. સુશીલાબેન મનુભાઈ પટેલ

સ્વ. તા. ૧૯-૦૧-૨૦૨૦ ને રવિવાર

સારા કાર્યની સુગંધ સદાય રહેશે.
મીઠી વાણી હંમેશા યાદ રહેશે.
તમારી યાદ કાયમ અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લિ.

**રીટાબેન કેતનકુમાર પટેલ**
મેયર, ગાંધીનગર

બરખાબેન ઉમેશકુમાર જહા — કોર્પોરેટર
હર્ષાબા જીલુભા ધાધલ — કોર્પોરેટર
પ્રવિણાબેન કનુભાઈ દરજી — કોર્પોરેટર
નીલાબેન મુકેશકુમાર શુકલ — કોર્પોરેટર
પાર્વતિબેન મધુકર પરમાર — કોર્પોરેટર
પ્રવિણાબેન જગદીશભાઈ વોરા — કોર્પોરેટર
પ્રિતિબેન ધવલકુમાર દવે — કોર્પોરેટર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com